# પરિષદ-પ્રમુખનો પત્ર

## રાષ્ટ્રીય સ્તરે ગુજરાતી સાહિત્યના પ્રતિનિધિત્વનો પ્રશ્ન

ભારતીય જ્ઞાનપીઠ ભારતની સર્વોચ્ચ સાહિત્ય સંસ્થા ગણાય છે. ૬૦ના દાયકાના પ્રારંભે દિલ્હીમાં તેની સ્થાપના થઈ હતી. જ્ઞાનપીઠ અન્ય સાહિત્યિક પ્રવૃત્તિઓ ઉપરાંત ભારતની માન્ય ભાષાઓમાંથી કોઈ એકના અગ્રણી સાહિત્યકારને તેના સાહિત્યિક પ્રદાન બદલ જ્ઞાનપીઠ પારિતોષિક આપે છે. તે ભારતનું સર્વોચ્ચ સાહિત્યસન્માન ગણાય છે. કેટલાક લોકો તેને ભારતનું નોબેલ પારિતોષિક પણ માને છે. જ્ઞાનપીઠ પુરસ્કારો ૧૯૬૧થી અપાય છે. એટલે તેનેય હવે પચાસ વર્ષ થયાં. આ અડધી સદીમાં ગુજરાતી ભાષાના માત્ર ત્રણ સાહિત્યકારોને આ પારિતોષિક અપાયું છે, તેમાંયે એક તો અડધે હિસ્સે છે. ગુજરાતી ભાષામાં પહેલો જ્ઞાનપીઠ પુરસ્કાર કવિમનીષી ઉમાશંકર જોશીને અપાયો હતો, પણ તે અન્ય સાથે અડધે હિસ્સે વહેંચાયો હતો. તે પછી ઘણે વર્ષે મૂર્ધન્ય ગુજરાતી નવલકથાકાર પન્નાલાલ પટેલને એ પુરસ્કાર એનાયત થયો હતો. તેનેય વળી ખાસ્સાં વર્ષો વીત્યાં અને છેવટે કવિવર રાજેન્દ્ર શાહ એ સન્માનથી વિભૂષિત થયા. અડધી સદીમાં ગુજરાતી ભાષાને અઢી પારિતોષિક મળ્યાં તો સરેરાશ કેટલે વર્ષે આપણા સાહિત્યકારને આ સન્માનને પાત્ર લેખવામાં આવે છે એવો પ્રશ્ન થાય. ઉમાશંકર જોશીની સાહિત્યપ્રતિભા રાષ્ટ્ર અને વિશ્વમાં વ્યાપેલી હતી. રાષ્ટ્રીય સ્તરની એકાધિક સાહિત્ય-વિદ્યાસંસ્થાઓના તેઓ મોવડી રહી ચૂક્યા હતા. આથી જ્ઞાનપીઠ દ્વારા તેઓ પોંખાય તે અતિ સહજ હતું. પન્નાલાલને તેમના નવલકથાસર્જનનો ઉત્તમ સમયગાળો વીતી ગયા પછી જ્ઞાનપીઠે પુરસ્કાર્યા હતા. રાજેન્દ્ર શાહને તેમના આયુષ્યની છેક ઉત્તરાવસ્થામાં આ પારિતોષિક અપાયું હતું. પન્નાલાલની સૌથી વધુ યશસ્વી નવલકથા 'માનવીની ભવાઈ'નો હિન્દી અનુવાદ પ્રગટ થયા પછી તેમને આ પારિતોષિક મળી શક્યું હતું. રાજેન્દ્રભાઈનાં પણ કેટલાંક ચૂંટેલાં કાવ્યોના તાબડતોબ હિન્દી-અંગ્રેજી અનુવાદો કરાવાયા એ પછી તેમના વિપુલ સર્જનરાશિ ભણી સંબંધિતોનું ધ્યાન ખેંચાયું હતું.

એકાદ મહિના પહેલાં બે વર્ષનાં જ્ઞાનપીઠ પારિતોષિકોની જાહેરાત થઈ. તેમાં એક, હિન્દી ભાષાના બે સાહિત્યકારોને અડધે હિસ્સે આ પુરસ્કાર પ્રાપ્ત થયો. તે પછીના વર્ષ માટે કન્નડ ભાષાના એક કવિની પસંદગી થઈ. તે સાથે કન્નડ ભાષીના આ આઠમા સાહિત્યકારને જ્ઞાનપીઠ પુરસ્કારથી અલંકૃત કરવામાં આવ્યા. એ કેવી વિડંબણાપૂર્ણ સ્થિતિ કે સમાન સમયગાળામાં ગુજરાતીને અઢી અને કન્નડને આઠ ! આ પાંચ દાયકામાં ભારતીય ભાષાઓમાં કોને કેટલી વાર જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો તેની આંકડાકીય માહિતી મારી પાસે નથી.

થોડાંક અઠવાડિયાં પૂર્વે 'નૅશનલ બુક ટ્રસ્ટ' દ્વારા સૂરતમાં યોજાયેલા એક સાહિત્યિક કાર્યક્રમમાં મેં આ મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. એ પછી એ સમારંભમાં પ્રસિદ્ધ વિવેચક પ્રા. ડૉ. શિરીષ પંચાલે પણ એ વાતને પોતાના વક્તવ્યમાં વણી લઈ કહ્યું હતું કે દક્ષિણ ભારતની ભાષાઓના ઘણા સાહિત્યકારો પોતાની માતૃભાષા ઉપરાંત અંગ્રેજી ભાષા પર પણ સારું પ્રભુત્વ ધરાવે છે અને તેથી પોતાનાં પુસ્તકોના ત્વરિત અંગ્રેજી અનુવાદો પ્રગટ કરી શકે છે. તે શક્ય ન હોય તો જે તે ભાષાના અંગ્રેજીના વિદ્વાનો એ કામ કરે છે. આથી દક્ષિણની ભાષાઓના સાહિત્યનો અંગ્રેજી અનુવાદ સહજપણે ઉપલબ્ધ થાય છે. હિન્દી અને બીજી ઉત્તર ભારતીય ભાષાઓના સાહિત્યકારો માટે તેઓની કૃતિઓના હિન્દી સ્વરૂપ કે ભાષાંતરોની સમસ્યા દેખીતી રીતે જ ન નડે. જ્ઞાનપીઠ જેવા સર્વોચ્ચ સાહિત્યિક સન્માનનો નિર્ણય કરતી વખતે આ સ્થિતિ ઘણી સહાયક નીવડી શકે એ સ્વાભાવિક છે. ગુજરાતી ભાષામાં ક્યાં અને કેટલા છે એવા અંગ્રેજીના વિદ્વાનો ?

શિરીષભાઈનો આ મુદ્દો જેટલો સાચો તેટલો જ વાસ્તવિક છે. હવે થોડોક ફેર પડ્યો છે. અને ગુજરાતી સાહિત્યકૃતિઓ બીજી ભાષાઓમાં જવા લાગી છે, પણ તેનું પ્રમાણ અલ્પ છે. વળી એવો પ્રશ્ન પણ થઈ શકે કે ગુજરાતી ભાષામાંથી બીજી ભાષાઓમાં કેવળ ઉત્તમ કૃતિઓ જ જાય છે કે 'પહોંચેલા' લેખકો પોતાની સામાન્ય કૃતિઓને પણ સતત સંપર્કોને આધારે બીજી ભાષાઓમાં મોકલતા હોય એવું તો બનતું નથી ને ?

બીજી વાત, પ્રાંતીય ભાષાઓની સલાહકાર સમિતિઓની છે. જ્ઞાનપીઠ પ્રત્યેક પ્રાંતીય ભાષાઓના જાણકારોની એક એક સલાહકાર સમિતિ નીમે છે. ગુજરાતી ભાષામાં પણ એવી સમિતિ છે. આ સમિતિમાં યોગ્યતમ પ્રતિનિધિત્વ થાય છે ખરું ? એ સમિતિ ગુજરાતી ભાષાના ઉત્તમ સાહિત્યકારને જ આ સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન મળે અને કોઈ એવો સાહિત્યકાર તેનાથી, અધિકાર હોવા છતાં વંચિત રહી ન જાય એ માટે સજાગ રહે છે ખરી ? જ્ઞાનપીઠની એક સર્વોચ્ચ પ્રવર સમિતિ પણ હોય. તેમાં પણ ગુજરાતનું શ્રેષ્ઠ પ્રતિનિધિત્વ થતું રહે છે ખરું ?

આટલી ચર્ચા પછી બે મુદ્દાઓને તારવી શકાય : (અ) ગુજરાતી ભાષાની શ્રેષ્ઠ સાહિત્યકૃતિઓના હિન્દી અને અંગ્રેજી અનુવાદો સમયસર થતા અને પ્રકાશિત થતા રહેવા જોઈએ. તે માટે તેવા વિદ્વાનોની નાની-નાની ફોજો ઊભી કરવાનું હવે તો અનિવાર્ય જ ગણાય. (બ) ગુજરાતી ભાષાનું રાષ્ટ્રીય કક્ષાએ યોગ્યતમ અને સદા જાગ્રત પ્રતિનિધિત્વ થતું રહેવું જોઈએ. આવું કશુંક થાય તો ગુજરાતી સાહિત્ય તેના અધિકારથી આટલું ઉપેક્ષિત અને વંચિત ન રહે. જ્ઞાનપીઠ પારિતોષિક મળે તે જ સાહિત્યકાર ઉત્તમ એમ માનવું જરૂરી નથી. નોબેલ પારિતોષિકના માનદંડો વિશેના પણ ક્યાં ઓછા વિવાદો થાય છે ? સવાલ ગુજરાતી ભાષાના સાધિકાર ગૌરવનો છે.

તા. ૧૦-૧૦-૧૧
સુરત

**ભગવતીકુમાર શર્મા**